For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સરપંચે લેખિત રજૂઆત કરી, છતાં નોટિસ કે કાર્યવાહી નહીં થયાનો આક્ષેપ

# રણોલીમાં ઝેરી કેમિકલથી ગટરમાં આગ, બાળકો-વૃદ્ધોના આરોગ્ય સામે જોખમ છતાં GPCB નિષ્ક્રિય!

**કેમિકલયુક્ત** પાણી છોડાતાં દુર્ગંધ, ગેસ ગળતર અને ચર્મરોગની ફરિયાદો

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા નજીક રણોલીની સત્યનારાયણ સોસાયટીમાં કેમિકલયુક્ત ઝેરી વેસ્ટ ગટરમાં છોડાતો હોવાની ફરિયાદોથી રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. સોસાયટીની આસપાસ ખુલ્લામાં તથા ગટરમાં કેમિકલ ભરેલા ટેન્કરો અને ટ્રાન્સપોર્ટરો દ્વારા ઝેરી પ્રવાહી ઠાલવવામાં આવતું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. તેના કારણે દુર્ગંધ અને ગેસ ગળતરની સમસ્યા સર્જાતી હોવા ઉપરાંત નાના બાળકો અને વૃદ્ધોને આંખોમાં બળતરા, શ્વાસ લેવામાં તકલીફ તથા ચર્મરોગ જેવી સમસ્યાઓ થતી હોવાની સ્થાનિકોએ ફરિયાદ કરી છે.

થોડા દિવસ અગાઉ ગટરમાં કેમિકલ છોડવામાં આવતાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. આ ઘટનાથી ગભરાયેલા રહીશો જીવના જોખમે ઘરની બહાર દોડી આવ્યા હતા. ગંભીર સ્થિતિ છતાં તંત્રની કામગીરી સામે સવાલો ઊઠી રહ્યા છે.

રણોલી ગ્રામ પંચાયતનાં સરપંચ પ્રવીણાબેન નરેન્દ્રભાઈ રોહિતે આ મામલે પીસીસી નોટિફાઈડ એરિયા, વડોદરાના ચીફ ઓફિસરને પત્ર (જા.નં. ૩૩/૨૦૨૫, તા. ૨૫/૧૦/૨૦૨૫) લખીને રણોલી જીઆઈડીસીથી રણોલી બ્રિજ સુધીની ગટરલાઈનમાં છોડાતા કેમિકલયુક્ત દૂષિત પાણીના નમૂના લેવા અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. પત્રની નકલ ડીડીઓ અને જીપીસીબીને પણ મોકલવામાં આવી છે. બીજી તરફ, ગટરમાં આગની ઘટના અને અસહ્ય દુર્ગંધની ફરિયાદો છતાં પાંચ દિવસ બાદ પણ કોઈ કંપની કે કારખાનાને નોટિસ અપાઈ ન હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે.

## GPCBની બેદરકારી કે સંકલનનો અભાવ?

જીપીસીબીનાં અધિકારી માર્ગી પટેલે જણાવ્યું હતું કે રણોલી ગ્રામ પંચાયત તરફથી લેખિત ફરિયાદ મળી નથી અને આગામી દિવસોમાં સર્વે કરાવી કેમિકલ કે તેલયુક્ત પાણી છોડતા કારખાનાઓ સામે પગલાં લેવાશે. જોકે, પંચાયત દ્વારા પત્રની નકલ મોકલાઈ હોવાના દાવા વચ્ચે અધિકારીના નિવેદનથી રહીશોમાં નારાજગી ફેલાઈ છે. લોકોના આરોગ્ય પર જોખમ ઊભું થયું હોવા છતાં કાર્યવાહી ક્યારે થશે તેવો સવાલ ઉઠ્યો છે.




## કાગળ પર ખાતરી, સ્થળ પર કાર્યવાહી ક્યારે?

ગટરમાં આગ લાગવાની ઘટના અને અનેક દિવસની દુર્ગંધ બાદ પણ અસરકારક પગલાં ન લેવાયાનો સ્થાનિકોનો આક્ષેપ છે. માત્ર સર્વેની ખાતરી આપવાને બદલે ગટરમાં કેમિકલ છોડતા એકમોની તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી રહીશોની માગ છે.

ગાર્ડનની જગ્યામાં મંદિર બનાવવાના નિર્ણય સામે વિરોધ

# ભાયલીમાં મંદિરના ખાતમુહૂર્તને લઈ હોબાળો, અર્બન-8 સોસાયટીના રહીશો આમને-સામને

**વિવાદ** બાદ મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો, રહીશ મહિલાએ મનસ્વી નિર્ણયનો આક્ષેપ લગાવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરાના ભાયલી વિસ્તારમાં આવેલી અર્બન-8 આવાસ યોજનામાં મંદિર નિર્માણના મુદ્દે રહીશો બે ભાગમાં વહેંચાઈ ગયા છે. સોસાયટીના નાના ગાર્ડનમાં મંદિરનું ખાતમુહૂર્ત કરાતા જ વિરોધનો વંટોળ ઉભો થયો છે અને મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સોસાયટી કમ્પાઉન્ડમાં આવેલા ગાર્ડન વિસ્તારમાં મંદિર બનાવવા માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ સ્થળની બાજુમાં જ અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકી આવેલી છે. રહીશોનો આક્ષેપ છે કે માત્ર ગણ્યાગાંઠ્યા લોકોની હાજરીમાં કોઈને જાણ કર્યા વગર જ ખાતમુહૂર્ત કરી દેવાયું હતું. આ બાબતની જાણ અન્ય રહીશોને થતા જ ભારે હોબાળો મચી ગયો હતો. અગાઉ પણ આ જ મુદ્દે સોસાયટીમાં વિવાદ થયો હોવાનું કહેવાય છે. હવે ફરી એકવાર મંદિરના મુદ્દે સોસાયટીમાં આક્ષેપ-પ્રતિઆક્ષેપ શરૂ થયા છે. દરમિયાન આ મામલે કેટલાક રહીશો પોલીસ મથકે પહોંચ્યા હતા અને પોતાના પર લગાવાયેલા આક્ષેપો પાયાવિહોણા હોવાનું જણાવ્યું હતું.



આ અંગે રહીશ હર્ષાબેન સોલંકીએ જણાવ્યું હતું કે, કોઈને પૂછ્યા વગર મનસ્વી રીતે નિર્ણય લેવાયો છે. સાંજે કામ પરથી આવ્યા બાદ આ બાબતની ખબર પડી હતી. જ્યારે લોકો ભેગા થયા ત્યારે પોલીસને બોલાવી ખોટા કેસ કરાવાયા છે. અહીં આપેલી જગ્યા ખૂબ નાની છે, મંદિર બની જશે તો લગ્ન કે સામાજિક પ્રસંગો માટે જગ્યા જ નહીં બચે. એક જ્ઞાતિના આધારે મંદિર બનાવવાથી અન્યને તકલીફ પડશે. પોલીસ અને બજરંગદળના નામે લોકોને ડરાવી માહોલ બગાડવામાં આવી રહ્યો છે. બધાના ઘરમાં ભગવાન છે, અહીં અલગ મંદિરની જરૂર નથી. હાલ પોલીસે બંને પક્ષની રજૂઆત સાંભળી આગળની કાર્યવાહી હાથધરી હતી.

# ગોરવા અને સુભાનપુરાને જોડતું પ્રિયલક્ષ્મી મિલનું ગરનાળું બંધ

**મિલ ૩૦** વર્ષથી બંધ અને સરકારી હસ્તક હોવાથી રસ્તો ફાળવાય તો સમય અને ઈંધણની બચત થશે



(પ્રતિનિધિ) વડોદરા તા.27

શહેરમાં પ્રિયલક્ષ્મી મિલનું ગરનાળું છેલ્લા એક વર્ષથી બંધ રહેતા ગોરવા, સુભાનપુરા, ઈલોરા પાર્ક સહિત આસપાસના વિસ્તારોના રહીશો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હોવાનું સામે આવ્યું છે. અલકાપુરી રેલવે સ્ટેશન તરફ જવા માટે વાહનચાલકોએ આશરે બે કિલોમીટરનો વધારાનો ફેરો ખાવો પડે છે. આ સમસ્યાના ઉકેલ માટે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપીને પ્રિયલક્ષ્મી મિલમાંથી નવો રસ્તો બનાવવાની માંગ કરવામાં આવી છે.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, પ્રિયલક્ષ્મી મિલનું ગરનાળું બંધ હોવાથી દરરોજ હજારો વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડે છે. ખાસ કરીને સાંજે ૬ વાગ્યાના અરસામાં ગેડા સર્કલથી શાસ્ત્રી પુલ સુધી વાહનોની લાંબી કતારો જોવા મળે છે.

વધુમાં જણાવાયું છે કે પ્રિયલક્ષ્મી મિલ છેલ્લા ૩૦ વર્ષથી બંધ છે અને આ મિલ ગુજરાત સરકારના હસ્તક હોવાનું જણાવવામાં આવ્યું છે. જો મિલની જગ્યામાંથી રસ્તો આપવામાં આવે તો શાસ્ત્રી પુલ પર વાહનોનું ભારણ ઘટાડી શકાય તેમ છે. સાથે જ અલકાપુરી રેલવે સ્ટેશન સુધી સીધા પહોંચવાનો માર્ગ સરળ બની શકે છે. હાલના રસ્તા પર ફરીને જવું પડતું હોવાથી વાહનોમાં વધારાનું ઈંધણ વપરાય છે. પ્રિયલક્ષ્મી મિલમાંથી વૈકલ્પિક રસ્તો બનાવવામાં આવે તો વાહનચાલકોના સમય અને ઈંધણની બચત થવાની સાથે ટ્રાફિકની સમસ્યામાં પણ રાહત મળી શકે છે.

બે દિવસથી ગુમ ગોરવાના યુવકની લાશ રાવપુરા નર્મદા કેનાલમાંથી મળી

# ધંધામાં મનદુ:ખ થતાં મિત્રે જ મિત્રને કેનાલમાં ધક્કો મારી પતાવી દીધો

**ગોરવા** પોલીસે આરોપીને રાઉન્ડઅપ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરાના ગોરવા મધુનગરમાંથી બે દિવસથી ગુમ 25 વર્ષીય યુવકનો મૃતદેહ રાયપુરા નજીક નર્મદા કેનાલમાંથી મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. શરૂઆતમાં યુવકના મોતને લઈને રહસ્ય સર્જાયું હતું, પરંતુ પોલીસ તપાસમાં ચાની લારીના ધંધામાં થયેલા મનદુ:ખને પગલે મિત્રએ જ તેને કેનાલમાં ધક્કો મારી હત્યા કરી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. ગોરવા પોલીસે આરોપી આરોપીને રાઉન્ડઅપ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં મિત્રતાના સંબંધને કલંકિત કરતી હત્યાની ઘટના સામે આવી છે. ગોરવા મધુનગરમાં રહેતો 25 વર્ષીય



મનમોહનસિંહ છેલ્લા બે દિવસથી ગુમ હતો. પરિવારજનો તેની શોધખોળ કરી રહ્યા હતા, ત્યારે રાયપુરા નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ મૃતદેહને કેનાલમાંથી બહાર કાઢી પોલીસને સોંપ્યો હતો.

યુવકના શંકાસ્પદ મોતને પગલે પરિવારજનોએ આક્રોશ વ્યક્ત કરી આક્ષેપ કર્યો હતો કે બે યુવકો તેને ઘરેથી બોલાવીને પોતાની સાથે લઈ ગયા હતા. અગાઉ તેને જાનથી મારી નાખવાની ધમકી મળી હોવાની વાત પણ પરિવારજનોએ પોલીસ સમક્ષ રજૂ કરી હતી. આ આક્ષેપોને ગંભીરતાથી લઈને ગોરવા પોલીસે તપાસ હાથ ધરી હતી.

પોલીસ તપાસ દરમિયાન હત્યા પાછળ ચાની લારીના ધંધામાં થયેલું મનદુ:ખ કારણભૂત હોવાનું સામે આવ્યું છે. તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, આશરે બે મહિના પહેલાં મનમોહનસિંહ અને સુફિયાન અબ્દુલસતાર સિદિકીએ સાથે મળીને ચાની લારી શરૂ કરી હતી. જોકે, મૃતક સમયસર લારી પર આવતો ન હોવાની અને ધંધામાં પૂરતો રસ લેતો ન હોવાની બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ મનદુ:ખે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી સુફિયાન મનમોહનસિંહને કેનાલ પાસે લઈ ગયો હતો અને તેને ધક્કો મારી દીધો હોવાની વિગતો તપાસમાં સામે આવી છે. આ રીતે ચાની લારીના ધંધામાં થયેલા વિવાદનો અંત મિત્રની હત્યામાં આવ્યો હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે.

ગોરવા પોલીસ મથકના પીઆઈ કે. એન. લાઠિયા સહિતની ટીમે યુવકનો મૃતદેહ કેનાલમાંથી મળી આવ્યા બાદ પરિવારજનોના આક્ષેપો સહિતના મુદ્દાઓને આધારે તપાસ કરવામાં આવી હતી. ચાની લારીના વ્યવસાયમાં થયેલા મતભેદના કારણે હત્યા થઈ હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આરોપી સુફિયાન અબ્દુલસતાર સિદિકીને રાઉન્ડઅપ કરવામાં આવ્યો છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# વડોદરા ઓટો સેક્ટર પર GSTના દરોડા : 12 જગ્યાએ કાર્યવાહી

**રાજ્યમાં** રૂ.6 કરોડની કરચોરી પ્રાથમિક તપાસમાં સામે આવી, રૂ.1.50 કરોડ સ્થળ પર વસૂલ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

દશેરા પર્વ દરમિયાન ઓટોમોબાઈલ સેક્ટરમાં થયેલા બમ્પર વેચાણ બાદ કરચોરી પકડવા ગુજરાત સ્ટેટ જીએસટી વિભાગે વડોદરા સહિત રાજ્યનાં ચાર મહાનગરોમાં વ્યાપક દરોડા પાડ્યા છે. રાજ્યભરમાં કાર એસેસરીઝ અને ઓટો પાર્ટ્સના 46 ડીલરોના 72થી વધુ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું.

જીએસટી વિભાગની ટીમોએ વડોદરામાં 12, અમદાવાદમાં 35, સુરતમાં 12 અને રાજકોટમાં 13 સ્થળોએ એકસાથે તપાસ કરી હતી. પ્રાથમિક તપાસમાં અંદાજે રૂ.6 કરોડની કરચોરી સામે આવી છે, જેમાંથી રૂ.1.50 કરોડ વેપારીઓ પાસેથી સ્થળ પર જ વસૂલવામાં આવ્યા છે.

તપાસ દરમિયાન અનેક સ્થળોએ કાચા બિલથી મોટા પાયે ખરીદ-વેચાણ થતું હોવાનું બહાર આવ્યું છે. ઊંચા જીએસટી દર ધરાવતી પ્રોડક્ટ્સને નીચા ટેક્સ સ્લેબમાં દર્શાવી કરચોરી કરવી, કમ્પોઝિશન સ્કીમ હેઠળ હોવા છતાં ગ્રાહકો પાસેથી જીએસટીના નામે નાણાં વસૂલી સરકારમાં જમા ન કરાવવા તથા રજિસ્ટ્રેશન વિના ધંધો ચલાવવા જેવી ગેરરીતિઓ પણ સામે આવી છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં મોબાઈલની 79 દુકાનો પર પાડવામાં આવેલા દરોડામાં રૂ.22 કરોડની કરચોરી ઝડપાઈ હતી અને બિલ વિના વેચાતા 500 મોબાઈલ ફોન જપ્ત કરાયા હતા. હાલ ઓટો પાર્ટ્સના ડીલરો પાસેથી જપ્ત કરાયેલા દસ્તાવેજો અને ડિજિટલ ડેટાની ઝીણવટભરી તપાસ ચાલી રહી છે.

મહિલાને સોશિયલ મીડિયા પર વિદેશી ડોક્ટર સાથે મિત્રતા કરવી ભારે પડી

# પાર્સલના ચાર્જ અને પેનલ્ટીના નામે આશાવર્કર સાથે રૂ.21.01 લાખની ઠગાઈ

**સાયબર** ક્રાઇમ એસીપી સહિતની ટીમથી ગુના ઉકેલતા નથી કે પછી કામગીરી કરવામાં રસ નથી તેવા ઉઠેલા સવાલ..!

(પ્રતિનિધિ) વડોદરા તારીખ 27

વડોદરાના રણોલીમાં રહેતી 43 વર્ષીય આંગણવાડી વર્કર મહિલા સાયબર ઠગાઈનો ભોગ બની છે. ફેસબુક પર સ્કોટલેન્ડમાં રહેતા ગાયનેકોલોજિસ્ટ ડોક્ટર તરીકે ઓળખ આપનાર શખસે મિત્રતા કેળવી ગિફ્ટ પાર્સલ મોકલવાની લાલચ આપી મહિલાને રૂ.21.01 લાખનો ચૂનો લગાવ્યો હતો. પાર્સલના ચાર્જ, વિદેશી ચલણ અને પેનલ્ટીના નામે મહિલા તથા તેના પતિના બેંક ખાતામાંથી અલગ-અલગ ખાતાંમાં નાણાં ટ્રાન્સફર કરાવ્યાં હતાં. વધુ રૂ.5 લાખની માંગણી થતાં મહિલાને શંકા ગઈ હતી અને સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

મહિલાની ફેસબુક પર શખસ સાથે ઓળખ થયા બાદ વોટ્સએપ પર વાતચીત શરૂ થઈ હતી. શખસે ઘડિયાળ, પર્સ અને ચોકલેટ સહિતની ગિફ્ટ મોકલવાની વાત કરી મહિલાનું સરનામું મેળવ્યું હતું. 20 ફેબ્રુઆરીએ પાર્સલ મોકલ્યું હોવાનું જણાવી વિશ્વાસ જીત્યો હતો.

ત્યારબાદ 23 ફેબ્રુઆરીએ અજાણ્યા નંબર પરથી ફોન કરી દિલ્હી પાર્સલ ઓફિસમાંથી બોલતા હોવાનું જણાવી પાર્સલ છોડાવવા રૂ.28,900ની માંગણી કરાઈ હતી. મહિલાએ 24 ફેબ્રુઆરીએ રકમ ચૂકવી હતી. ત્યારબાદ પાર્સલમાં 22 હજાર પાઉન્ડ હોવાનું જણાવી તેના ચાર્જ પેટે વધુ રૂ.47 હજાર પડાવ્યા હતા. આ પછી અલગ-અલગ મોબાઈલ નંબર પરથી સંપર્ક કરી ચાર્જ અને પેનલ્ટીના નામે સતત નાણાં પડાવવામાં આવ્યાં હતાં. મહિલાએ પોતાના બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂ.13.53 લાખ અને પતિના એસબીઆઇ ખાતામાંથી રૂ.7.47 લાખ ટ્રાન્સફર કર્યા હતા.

ઠગોએ નાણાં પરત આપવાની ખાતરી સાથે ઈ-મેઈલ લિંક મોકલી વિગતો ભરાવી હતી. વધુ રૂ.5 લાખની માંગણી થતાં મહિલાએ ઈનકાર કર્યો હતો, જેથી ઠગોએ સંપર્ક બંધ કરી દીધો હતો. નાણાં પરત કર્યાનો વિશ્વાસ અપાવવા નેક્સસ ટ્રસ્ટ બેંકના નામે બનાવટી ડિપોઝિટ સ્લિપ પણ મોકલી હતી. અંતે મહિલાએ સાયબર હેલ્પલાઈન 1930 પર જાણ કરી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ઈ-એફઆઈઆર નોંધાવી હતી.

બીજી તરફ શહેરમાં સાયબર ઠગાઈની ફરિયાદો વધતી હોવા છતાં આવા ગુનાઓના ભેદ ઉકેલવાની કામગીરી સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે.

# 20 કિમીના દાયરાના સ્થાનિક વાહનચાલકોને ટોલમાંથી રાહત

**1 નવેમ્બરથી** વાર્ષિક પાસના નવા નિયમો અમલી, રૂ.1500 અને રૂ.3000માં આખું વર્ષ અમર્યાદિત ફેરા કરી શકાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.27

નેશનલ હાઈવે પર આવેલા ટોલ પ્લાઝાની આસપાસ રહેતા સ્થાનિક વાહનચાલકોને કેન્દ્ર સરકાર દ્વારા રાહત આપવામાં આવી છે. આગામી 1 નવેમ્બરથી ટોલ વસૂલાતની પ્રણાલીમાં નવા નિયમો અમલમાં આવશે. જે મુજબ ટોલ પ્લાઝાથી 20 કિલોમીટરના દાયરામાં રહેતા ખાનગી વાહનચાલકો વાર્ષિક પાસ મેળવી આખું વર્ષ અમર્યાદિત અવરજવર કરી શકશે.

હાઈવે ઓથોરિટીની માર્ગદર્શિકા મુજબ અત્યાર સુધી સ્થાનિક વાહનચાલકોએ રોજિંદી અવરજવર માટે વારંવાર ટોલ ચૂકવવો પડતો હતો અથવા માસિક પાસ રિન્યૂ કરાવવો પડતો હતો. નવા નિયમથી આ ઝંઝટમાંથી રાહત મળશે.

મહાનગરપાલિકા કે નગરપાલિકાની હદ બહાર આવેલા ટોલ પ્લાઝા માટે સ્થાનિક ખાનગી વાહનોના વાર્ષિક પાસની ફી રૂ.1500 નક્કી કરવામાં આવી છે, જ્યારે નગરપાલિકા કે મહાનગરપાલિકાની હદમાં આવેલા ટોલ પ્લાઝા માટે વાર્ષિક ફી રૂ.3000 રહેશે. આ પાસથી આખું વર્ષ અમર્યાદિત ફેરા કરી શકાશે.

યોજનાનો લાભ લેવા માટે વાહન પર માન્ય અને કાર્યરત ફાસ્ટેગ હોવું ફરજિયાત છે. વાર્ષિક પાસને સંબંધિત વાહનના ફાસ્ટેગ સાથે લિંક કરાવવાનો રહેશે. ટોલ પ્લાઝા પરથી પસાર થતી વખતે ફાસ્ટેગ સ્કેન થતાં પાસ સક્રિય થશે અને વધારાનો ટોલ કપાશે નહીં.

આ સુવિધા માત્ર બિનવ્યાવસાયિક ખાનગી વાહનો માટે જ લાગુ પડશે. પાત્ર વાહનચાલકો સરનામાના પુરાવા સહિત જરૂરી દસ્તાવેજો એનએચએઆઈના સત્તાવાર 'રાજમાર્ગ યાત્રા' પોર્ટલ પર અપલોડ કરીને ઓનલાઈન વેરિફિકેશન કરાવી શકશે.

વીવીએસ ગ્રુપ અસ્તિત્વમાં નથી, નામ ન જોડવા વિદ્યાર્થીઓની સ્પષ્ટતા

# ગણેશ સ્થાપનાના વિવાદમાં વિદ્યાર્થીઓને રાહત, હાઈકોર્ટે એટ્રોસિટીની કલમ રદ કરી

**એફઆઈઆરમાં** શરૂઆતમાં કોઈ ઉલ્લેખ નહોતો, દબાણ લાવી કલમ ઉમેર્યાની દલીલ ગ્રાહ્ય

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરામાં ગણેશ સ્થાપનાના મુદ્દે બે વિદ્યાર્થી જૂથ વચ્ચે થયેલી મારામારી બાદ નોંધાયેલી એટ્રોસિટીની ફરિયાદ મામલે હાઈકોર્ટે હોસ્ટેલના વિદ્યાર્થીઓને મોટી રાહત આપી છે. પૂર્વ મેયર સુનિલ સોલંકીના પુત્ર આશિષ સોલંકી અને અન્ય દ્વારા નોંધાવાયેલી ફરિયાદમાંથી એટ્રોસિટી એક્ટની કલમ રદ કરવાનો મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે.

ગુજરાત હાઈકોર્ટમાં જસ્ટિસ જે.સી. દોશીની કોર્ટ સમક્ષ આ કેસની સુનાવણી હાથ ધરાઈ હતી. અરજદાર વિદ્યાર્થીઓ તરફથી એડવોકેટ સુરજ શુક્લાએ ધારદાર દલીલો રજૂ કરી હતી. દલીલમાં જણાવાયું હતું કે, શરૂઆતમાં જ્યારે એફઆઈઆર નોંધાઈ ત્યારે તેમાં એટ્રોસિટી અંગે કોઈ જ ઉલ્લેખ નહોતો. પોલીસ પર ભારે દબાણ લાવીને પાછળથી એટ્રોસિટીની કલમ ઉમેરવામાં આવી હતી. કોર્ટે દલીલોને માન્ય રાખી એટ્રોસિટીની કલમ ટકી શકે નહીં તેવું નોંધી તેને રદ કરવાનો આદેશ આપ્યો છે.

સામાન્ય પરિવારમાંથી આવતા અને હોસ્ટેલમાં રહીને ફેકલ્ટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની કારકિર્દી પર લાંછન ન લાગે તે માટે આ ચુકાદો મહત્વનો સાબિત થયો છે. ચુકાદા બાદ વિદ્યાર્થીઓમાં સત્યનો વિજય થયો હોવાના પ્રત્યાઘાતો પડ્યા છે. આ નિર્ણયથી લાંબા સમયથી કાનૂની કાર્યવાહીનો સામનો કરી રહેલા વિદ્યાર્થીઓને રાહત મળી છે.

બીજી તરફ વિદ્યાર્થી જૂથે સ્પષ્ટતા કરી છે કે, વીવીએસ નામથી હાલ કોઈ ગ્રુપ અસ્તિત્વમાં નથી, તેથી તેના નામનો ઉપયોગ ન કરવો. નોંધનીય છે કે, તા. 12 માર્ચ 2023ના રોજ સી.આર. પાટીલના હસ્તે વીવીએસ ગ્રુપનું વિસર્જન કરી તેને યુવા મોરચામાં ભેળવી દેવાયું હતું. આરટી અને કે.એમ. હોલના વિદ્યાર્થીઓ વચ્ચે ગણપતિ ઉત્સવ દરમિયાન પૂર્વ મેયરના પુત્ર સાથે મારામારી થઈ હતી. જેમાં બ્રાહ્મણ અને ક્ષત્રિય સમાજના યુવાનો વિરુદ્ધ એટ્રોસિટી હેઠળ ફરિયાદ થઈ હતી, જે ખોટી હોવાની રજૂઆત કરાઈ હતી.

અન્ય મહિલા સાથે હોવાની શંકાએ હોબાળો, રસ્તા પર ટોળાં એકઠાં થતાં પોલીસ દોડી

# કારેલીબાગમાં 'પતિ, પત્ની ઔર વો' જેવો હાઈવોલ્ટેજ ડ્રામા

**પત્નીના** પિયરિયાઓએ અન્ય મહિલા સાથે પતિને રંગેહાથ ઝડપ્યો, રોડ વચ્ચે મેથીપાક ચખાડતા લોકટોળા ઉમટ્યા

**કારેલીબાગ** વાયરોક હોસ્પિટલ પાસેની ઘટના, સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.27

વડોદરાના કારેલીબાગ રોડ પર રાત્રે પતિને અન્ય મહિલા સાથે જોઈ જતાં પત્નીના પિયરિયાઓએ જાહેર રસ્તા પર જ તેને ઘેરી લીધો હતો. ત્યારબાદ બોલાચાલી ઉગ્ર બનતાં મારામારી શરૂ થઈ હતી. અચાનક બનેલી આ ઘટનાને પગલે રસ્તા પર લોકોનાં ટોળાં એકઠાં



થઈ ગયાં હતાં. ઘટનાની જાણ થતાં કારેલીબાગ પોલીસની પીસીઆર દોડી આવી હતી અને મામલો થાળે પાડ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, વડોદરામાં રહેતા એક પરિણીત યુવકને અન્ય મહિલા સાથે પ્રેમસંબંધ હોવાની શંકા તેની પત્નીને હતી. આ અંગે પત્નીએ પોતાના પિયર પક્ષને જાણ કરી હતી. છેલ્લા કેટલાક દિવસોથી પતિની હિલચાલ પર નજર રાખવામાં આવી રહી હતી. દરમિયાન પત્નીના ભાઈઓ અને અન્ય સગાંઓએ પતિનો પીછો કર્યો હતો.

કારેલીબાગ રોડ પર વાયરોક હોસ્પિટલ નજીક પતિ અન્ય મહિલા સાથે જોવા મળતાં જ પિયરિયાઓએ તેને ઘેરી લીધો હતો. પિયરિયાઓના જણાવ્યા મુજબ, પતિ અન્ય મહિલા સાથે રંગેહાથ ઝડપાયો હતો. આ બાબતે ઉગ્ર બોલાચાલી થતાં મામલો મારામારી સુધી પહોંચ્યો હતો. જાહેર રસ્તા પર જ પતિને માર મારવામાં આવતાં આસપાસથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ પણ અટકી ગયા હતા. જોતજોતામાં ઘટનાસ્થળે લોકોનાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં. કેટલાક લોકોએ સમગ્ર ઘટનાના વીડિયો પણ મોબાઈલમાં ઉતાર્યા હતા.

ઘટનાને પગલે કારેલીબાગ રોડ પર થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જાહેરમાં થયેલી મારામારીને જોવા લોકોનાં ટોળાં ભેગાં થતાં વાહનચાલકોને પણ અવરજવરમાં મુશ્કેલી પડી હતી. જોકે, પોલીસની સમયસરની દરમિયાનગીરીથી મામલો વધુ વકરતો અટક્યો હતો. આ ઘટનાને પગલે સ્થાનિક વિસ્તારમાં પતિ-પત્ની વચ્ચેના વિવાદ અને જાહેરમાં થયેલી મારામારીની ચર્ચા શરૂ થઈ હતી.

ઘટનાની જાણ થતાં કારેલીબાગ પોલીસની પીસીઆર તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે દરમિયાનગીરી કરીને બંને પક્ષોને અલગ કર્યા હતા અને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. પોલીસ સ્ટેશનમાં પણ બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હોવાનું જાણવા મળ્યું છે.

હાલ પોલીસે પતિ, પત્ની અને પિયર પક્ષનાં નિવેદનો લેવાની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જાહેર રસ્તા પર બનેલી આ ઘટનાને પગલે વિસ્તારમાં ભારે ચર્ચા જાગી છે.

શિક્ષક પોર્ટલ CTS પર ડિજિટલ પ્રક્રિયા શરૂ

# સરકારી પ્રાથમિક શિક્ષકોના ખાનગી અહેવાલ હવે ઓનલાઈન ભરાશે

**સેવાપોથી** અપડેટ, જિલ્લા ફેર બદલી અને પગાર ધોરણની મંજૂરીમાં વિલંબ નહીં થાય

**શિક્ષક** પોર્ટલ CTS પર ડિજિટલ પ્રક્રિયા શરૂ, 31 ઓક્ટોબરથી 30 ડિસેમ્બર સુધી ત્રણ તબક્કામાં કામગીરી પૂર્ણ કરાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોના વાર્ષિક ખાનગી અહેવાલ (સીઆર) હવે શિક્ષક પોર્ટલ CTS પર ઓનલાઈન ભરવાના રહેશે. શિક્ષણ વિભાગ દ્વારા ડિજિટલ પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવતા સેવાપોથી અપડેટ, જિલ્લાફેર બદલી અને ઉચ્ચતર પગારધોરણની મંજૂરીમાં થતો વિલંબ અટકશે.

ઓનલાઈન સીઆર પ્રક્રિયા ત્રણ તબક્કામાં પૂર્ણ કરાશે. પ્રથમ તબક્કામાં 31 ઓક્ટોબર સુધી શિક્ષક અથવા મુખ્ય શિક્ષકે પોતાની વિગતો ચકાસી ઓનલાઈન અપડેટ કરીને સબમિટ કરવાની રહેશે. બીજા તબક્કામાં 1થી 30 નવેમ્બર દરમિયાન અહેવાલ લખનાર અધિકારી એટલે કે આચાર્ય અથવા બીટ નિરીક્ષકે મૂલ્યાંકન અહેવાલ સબમિટ કરવાનો રહેશે. ત્રીજા તબક્કામાં 1થી 30 ડિસેમ્બર દરમિયાન સમીક્ષા અધિકારી એટલે કે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી (ટીપીઈઓ) અથવા શાસનાધિકારી દ્વારા આખરી સમીક્ષા પૂર્ણ કરાશે.

સીઆર માટે ઓછામાં ઓછી ત્રણ મહિનાની સક્રિય સેવા ફરજિયાત રહેશે. ત્રણ મહિનાથી ઓછી સેવા અથવા લાંબી રજાના કિસ્સામાં અહેવાલને બદલે પ્રમાણપત્ર આપવામાં આવશે. 'સેવ એન્ડ ફ્રીઝ' કર્યા બાદ અહેવાલમાં કોઈ સુધારો કરી શકાશે નહીં. વર્ષ દરમિયાન બદલીના કારણે એકથી વધુ આચાર્ય કે અધિકારી હેઠળ સેવા આપી હોય તો બીજી એન્ટ્રી ઉમેરી શકાશે.

વિદ્યાસહાયક કે શિક્ષકના કિસ્સામાં અહેવાલ લખનાર મુખ્ય શિક્ષક અથવા આચાર્ય રહેશે, જ્યારે સમીક્ષા અધિકારી બીટ નિરીક્ષક અથવા મદદનીશ શાસનાધિકારી રહેશે. મુખ્ય શિક્ષક કે આચાર્યના કિસ્સામાં અહેવાલ લખનાર બીટ નિરીક્ષક અને સમીક્ષા અધિકારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી રહેશે.